ઉચ્ચક બીલો ( Abstract Bill )રકમ ઉપાડવાની મર્યાદા વધારવા અને ઉચ્ચક બીલના હિસાબો સમયસર રજુ કરવા બાબત....

# : પ રિ પ ત્ર :

આ યુનિવર્સિટીમાં ઉપાડવામાં આવતા એબસ્ટ્રેક બીલની નાણાંકીય મર્યાદા **રૂ.૭,૦૦૦/–** વિર્સજીત ગુજરાત કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરના પરિપત્ર નં.ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૩૯૫૧–૫૫/૦૧,તા.૦૧/૦૩/૨૦૦૧ થી કરવામાં આવેલ હતી. પુખ્ત વિચારણા કરી માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને આ મર્યાદા યુનિવર્સિટી અધિકારીશ્રીઓ માટે **રૂ.૨૦,૦૦૦/–**તથા અન્ય કચેરીના વડાશ્રીઓ માટે **રૂ.૧૫,૦૦૦/–** ની નાણાંકીય મર્યાદાથી નાણાંકીય શિસ્ત જળવાઈ રહે તેમજ પ્રવર્તમાન બજાર ભાવને ધ્યાનમાં રાખી નકકી કરવામાં આવે છે. તેમ છતાં શિક્ષણ / સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓને અસર પહોંચે નહિ, તે માટે સમયાંતરે અમુક કેઈસો જેવા કે, ઈન્વોઈસના આધારે પાર્ટીને ડી.ડી થી ચૂકવણું કરવું. વિધાર્થીઓના શૈક્ષણિક પ્રવાસ,N.S.S.,કાર્યક્રમ,સેમીનાર, વર્કશોપ,વાહનના પ્રિમીયમ,વીજળી કનેકશન તથા વીજળી બીલ,ટેલિફોન બીલ જેવાં મર્યાદા કરતાં વધુ રકમના ઉચ્ચક બીલો ખાસ કેઈસમાં મંજુર થયેલ ગ્રાન્ટની મર્યાદામાં પાસ કરવાની સમાયંતરે સુચનાઓ આપવામાં આવેલ છે જ. તેમ છતાં ઉચ્ચક બીલો અંગે અત્રેના અગાઉના પરિપત્રો / સુચનાઓને ધ્યાને રાખ્યા વગર વારંવાર પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવે છે. તે ઉપરાંત ઉચ્ચક બીલો ઉપાડયા બાદ હિસાબો રજુ કરવામાં પણ વિલંબ થતો હોવાનું ધ્યાને આવેલ છે. આ પૂર્વભુમીકા સાથે આજ સુધીની તમામ સુચનાઓ નજર સમક્ષ રાખી નીચે મુજબ પુનઃ સુચનાઓ જારી કરવામાં આવે છે.

૧. કોઈ પણ પાર્ટી / સંસ્થા/રેલ્વે કે અન્ય સંસ્થાને ઈન્વોઈસ તથા કાચી પહોંચના આધારે ચેક/ડી.ડી થી પેમેન્ટ કરવાનું હોય તો ગ્રાન્ટની મર્યાદામાં, સત્તામર્યાદા અને અન્ય નીતિ નિયમો ધ્યાને લઈ ગમે તેટલી રકમનું ઉચ્ચક બીલ પાસ થઈ શકશે.આ ઉચ્ચક બીલ મંજુર કરવામાં આવેલ ઉપરોકત મર્યાદાથી વધારે હશે તો હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨. શૈક્ષણિક હેતુઓ માટે વિધાર્થીઓની દરેક સ્પર્ધા / અભ્યાસ પ્રવાસ/ N.S.S.કાર્યક્રમ જેવા હેતુઓ માટે ગ્રાન્ટની મર્યાદામાં નાણાંકીય દષ્ટિએ તમામ પાસાઓનો અભ્યાસ કરી ઉપરોકત મર્યાદા કરતાં વધુ રકમના ઉચ્ચક બીલો પાસ કરવાના હોય આવી બાબતે અત્રેની ખાસ કેઈસમાં મંજુરી મેળવવાની જરૂર રહેતી નથી. જેથી તેવા ઉચ્ચક બીલો વહીવટી –વ–હિસાબી અધિકારીશ્રી તેમની વિવેક બુધ્ધિથી પાસ કરી શકશે.

૩. ઉપર મુજબના હેતુઓ સિવાય અન્ય કોઈ આકસ્મિક ખર્ચ માટે મર્યાદા કરતાં વધુ રકમનું ઉચ્ચક બીલ કાબુ બહારના કારણોસર ઉપાડવાની જરૂર જણાય અને ખર્ચ કરવું અતિ અનિવાર્ય હોય તેવા અપવાદ રૂપ કેઈસમાં કેઈસની ગુણવત્તા ચકાસી અત્રેથી ખાસ કેઈસમાં મંજુરી આપવાની રહેતી હોય તેવા જ કેઈસો ખૂબ જ મર્યાદીત સંખ્યામાં અત્રે મોકલવાના રહેશે.

૪. સરકારશ્રીના નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક :તજર/૧૦૯૬/૩૬૮/ઝ.તા.૧૮/૧૨/૧૯૯૭ થી થયેલ સઘળી સુચનાઓનું પાલન કરવાનું રહેતું હોય મુંબઈ તિજોરી નિયમ – ૩૦૨ ની જોગવાઈ અનુસાર એબસ્ટ્રેક બીલના હિસાબો ઉપાડયાની તારીખથી ત્રણ માસમાં રજુ કરવાના થાય છે. જેથી જે કચેરીના હિસાબો ત્રણ માસમાં રજુ ન થાય તેવી કચેરીઓને બીજું ઉચ્ચક બીલ પાસ કરવામાં આવશે નહિ.

૫. થનાર ખર્ચનું પૂર્વ આયોજન કરી કરકસર યુકત જરૂરિયાત મુજબ ઉચ્ચક રકમ ઉપાડવાની રહેશે. જેથી ઉપાડેલ રકમનો સદ્ઉપયોગ થઈ શકે. તેમજ બીનજરૂરી રકમ સિલકમાં રહે નહિ જેથી ભવિષ્યમાં ઓડિટ પ્રશ્નો ઉપસ્થિત થાય નહિ.

ઉપરની સુચનાઓ ઉપરાંત આથી તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને વિશેષ સુચના આપી જણાવવામાં આવે છે કે ,ઉચ્ચક બીલો વિવેક પૂર્ણ બુધ્ધિથી ઉપાડવા અને ઉપાડયા બાદ બીલના હિસાબો તાત્કાલિક સમય મર્યાદામાં રજુ કરવા. જેથી યુનિવર્સિટીમાં નાણાંકીય શિસ્ત જઈવાઈ રહે અને નાણાંકીય ગેરરીતી ઉપસ્થિત થવા સબબનો ભવિષ્યે કોઈ પ્રશ્ન ન રહે. જેથી ઉકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

સદરહુ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૧૨૫૫.૧૨૫૦ /૨૦૧૩.
નવસારી. તા.૧૧/૦૭/૨૦૧૩.

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના :**

૧) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.
૨) સર્વે યુનિટ/સબ યુનિટ તરફ .

**નકલ રવાના :**

૧) નિયામકશ્રી આઈ.ટી.સેલ. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ ઉપરોકત પરિપત્ર યુનિવર્સિટીની વેબ સાઈટ પર મુકવા સારૂ.
૨) વહીવટી–વ–હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩) હિસાબી અધિકારી (કેશ), નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.